



# ભરૂચ નગરમાં ગંદકી: પાલિકા સભ્યનું બે દિવસનું અલ્ટિમેટમ

**કાંસની** સફાઈ ચાલુ છે: ભરૂચ પાલિકા મુખ્ય અધિકારી

ભરૂચઃ ભરૂચ શહેરમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું હોવા છતાં, વોર્ડ નં.1ના અનેક વિસ્તારોમાં કચરો અને ગંદકીની સમસ્યા વકરી છે. સ્થાનિક પાલિકા સભ્ય ઝુબેર પટેલે પાલિકામાં લેખિત અરજી કરીને તાત્કાલિક સફાઈ અને વરસાદી કાંસો સફાઈની માંગ કરી છે.

પાલિકા સભ્ય ઝુબેર પટેલે જણાવ્યું કે, ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરવા માટેનાં વાહનો અનિયમિત રીતે આવે છે, જેના કારણે રહેવાસીઓને હાલાકી ભોગવવી પડે છે. અમદાવાદ અને રહેમતનગર વિસ્તારની નજીકની વરસાદી કાંસોમાં કચરાના ઢગલા જમા થઈ ગયા છે, જેની હજુ સુધી સફાઈ કરવામાં આવી નથી.

ચોમાસાની ઋતુ નજીક આવતાં તેમણે ચેતવણી આપી છે, 'જો સમયસર કાંસોની સફાઈ નહીં થાય તો પાણી ભરાવાની સાથે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ શકે છે. કોઈ અનિચ્છનીય ઘટના બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી પાલિકાની રહેશે.' તેમણે બે દિવસમાં સફાઈ નહીં થાય તો કચરો લઈને પાલિકા કચેરી સમક્ષ આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. સાથોસાથ, તેમણે સ્થાનિક નાગરિકોને અપીલ કરી કે કચરો ડોર-ટુ-ડોરની ગાડીમાં જ નાંખવો અને જાહેર માર્ગો પર કચરો ફેંકવાનો અવગણવો. પાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલે જણાવ્યું કે, પાલિકા દ્વારા નિયમિત ધોરણે ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરવાની અને સફાઈની કામગીરી કરવામાં આવે છે. જો કે, કેટલાક લોકો જાહેરમાં કચરો નાંખી જતાં હોવાથી સફાઈ બાદ ફરી ઢગલા થઈ જાય છે. તેમણે ઉમેર્યું કે હાલમાં કાંસ સફાઈની કામગીરી ચાલી રહી છે અને બાકી રહેલી જગ્યાઓની સફાઈ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. પાલિકા પણ લોકોને જાહેરમાં કચરો ન નાંખવાની અપીલ કરે છે.

## અંકલેશ્વર રાજપીપળા ચોકડી પાસે નહેર કિનારે યુવાનની હત્યા

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં રાજપીપળા ચોકડી બ્રિજ પાસે આવેલી નહેર પાસે સામાન્ય બોલાચાલી દરમિયાન થયેલા ઝઘડાએ ગંભીર સ્વરૂપ ધારણ કરતાં એક યુવાનનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પત્નીની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે હત્યાનો ગુનો નોંધ્યો છે. પોલુ રામકરણ વર્મા (ઉં.વ. આશરે ૩૪), પત્ની રેખાબેન સાથે રાજપીપળા ચોકડી બ્રિજ નજીક રહેતા અને ભંગાર વીણી જીવનનિર્વાહ કરતાં હતાં. તા.8 મેના રોજ સાંજના સમયે દંપતી નહેર પાસે નાહવા માટે ગયું હતું. દરમિયાન ઓળખીતાઓ સાથે વાતચીત ચાલી રહી હતી ત્યારે ત્યાં રહેવાસી સંતોષકુમાર પૂનમભાઈ વસાવા (ઉં.વ. આશરે 24) (રહે.,નમક ફેક્ટરી પાછળ ગડખોલ, અંકલેશ્વર)એ ત્યાં આવી બોલાચાલી શરૂ કરી હતી. "અહીં કંકાસ ન કરો" જેવી વાતને લઈ બંને પક્ષ વચ્ચે તીવ્ર ઝઘડો થયો હતો. ફરિયાદ મુજબ આરોપી અચાનક ઉશ્કેરાઈ જઈ પાવડો લાવી માથામાં ઘા માર્યા હતા. ગંભીર ઈજાના કારણે પોલુ વર્માનું સ્થળ પર જ મોત થયું હતું.

# ભરૂચ સાંસદે જિલ્લા પ્રભારીને કઠપૂતળી, બુઠ્ઠી તલવાર કહ્યા !

**નર્મદા** જિલ્લાની સ્થાનિક ચૂંટણીમાં હાર બાદ ભાજપમાં ખુલ્લો બખેડો

**સાંસદ** મનસુખ વસાવાએ સંગઠન અને પદાધિકારીઓ પર નિશાન સાધ્યા

ડેડિયાપાડા, રાજપીપળા: નર્મદા જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષને મળેલી કારમી હાર બાદ ભાજપમાં આંતરિક અસંતોષ ઉગ્ર બન્યો છે. હારના મનોમંથન કાર્યક્રમ દરમિયાન સાંસદ મનસુખ વસાવાનો એક વિડીયો વાયરલ કર્યો છે, જેમાં તેમણે જિલ્લા સંગઠન અને કેટલાક પદાધિકારીઓ સામે કડક શબ્દોમાં નારાજગી વ્યક્ત કરી છે.



વાયરલ વિડીયોમાં મનસુખ વસાવાએ જિલ્લા સંગઠન પ્રભારી અર્જુન ચૌધરી વિશે ટિપ્પણી કરતાં કહ્યું કે તેઓ "કઠપૂતળી જેવા, બુઠ્ઠી તલવાર" બની ગયા છે. તેમણે નબળી બેઠકો પર મજબૂત કામગીરી ન થવાની ફરિયાદ કરતાં કહ્યું કે ચૂંટણી જીતવા માટે મેદાનમાં ઊતરી લોકો વચ્ચે કામ કરવું જરૂરી છે. તેમણે જિલ્લા પ્રમુખ નીલ રાવ અને જિલ્લા મહામંત્રી ભોલો પર પણ નિશાન સાધ્યું હતું.

વસાવાએ આક્ષેપ કર્યો કે નેતાઓ કાર્યાલયમાં બેસી રહે છે અને લોકોના પ્રશ્નો સાંભળવા માટે મેદાનમાં જતા નથી. તેમણે સ્પષ્ટ કહ્યું કે તાલુકા અને જિલ્લા પંચાયત જીતવા માટે કાર્યકરો વચ્ચે જવું અનિવાર્ય છે. સાંસદે કેટલાક નેતાઓ પર વિરોધી તત્વો સાથે સાંઠગાંઠ હોવાનો સંકેત પણ આપ્યો, જેમણે કહ્યું, "ચૈતર એન્ડ કંપની સામે લડવાની ક્ષમતા ન હોય તો પદ છોડવું જોઈએ." 2027ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમણે અત્યારથી જ સંગઠનને મજબૂત કરવા ભાર મૂક્યો હતો. વિડીયો વાયરલ થયા બાદ જિલ્લા સંગઠન પ્રભારી અર્જુન ચૌધરીએ પ્રતિક્રિયા આપતા કહ્યું, "મને મનોમંથન બેઠકમાં બોલાવવામાં જ આવ્યો નહોતો, જે દુ:ખની બાબત છે. સાંસદ મનસુખ વસાવા અમારા વડીલ છે, પરંતુ અમારી સામે કરવામાં આવેલા કેટલાક આક્ષેપો ખોટા છે." તેમણે ઉમેર્યું કે ચૂંટણીના માત્ર પાંચ દિવસ પહેલાં જ તેમને જિલ્લા પ્રભારી બનાવવામાં આવ્યા હતા, છતાં તેઓ સંગઠન સાથે મળીને પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ કરશે. આ બનાવે નર્મદા ભાજપમાં આંતરિક ખટપટ અને નેતૃત્વ સામે અસંતોષના સ્વરોને વધુ તીવ્ર બનાવ્યા છે.

# રાજપીપળા સિવિલના તબીબની રૂમમાંથી લાશ મળતાં ચકચાર

**ડ્યૂટી** પર હાજર ન રહેતાં સાથી તબીબો રૂમ પર પહોંચ્યા

**દરવાજો** તોડતા જ યુવાન તબીબ બેભાન હાલતમાં મળ્યા

**તાવની** સારવાર માટે આઈ.વી. ડ્રગ્સ લેતા હતા, શું દવાનો ઓવરડોઝ મોતનું કારણ?

રાજપીપળાઃ રાજપીપળાની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલમાં એનેસ્થેસિયા વિભાગમાં સિનિયર રેસિડન્ટ તરીકે ફરજ બજાવતા ૩૦ વર્ષીય ડો.હર્ષ ચૌધરીનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતાં તબીબી આલમમાં શોક સાથે અનેક તર્કવિતર્ક સર્જાયા છે. છેલ્લા છ મહિનાથી અહીં કાર્યરત ડો.હર્ષ ૮ મેના રોજ પોતાની ફરજ પર હાજર ન થતાં અને ફોન ન ઉપાડતા સાથી તબીબો ચિંતિત થયા હતા. તપાસ કરવા માટે જ્યારે તેઓ ડોક્ટરના રૂમ પર પહોંચ્યા અને બારણું તોડ્યું, ત્યારે ડો. હર્ષ બેડ પર બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. તેમને તુરંત ઈમરજન્સી વિભાગમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

હોસ્પિટલના સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડો.મનીષ મેહતાએ જણાવ્યું હતું કે, ડો.હર્ષે ૭ મેના રોજ ઓપરેશન વિભાગમાં રાબેતા મુજબ પોતાની ફરજ બજાવી હતી, પરંતુ તે સમયે તેમણે તાવ અને અશક્તિની ફરિયાદ કરી હતી. તાવના ઈલાજ માટે તેઓ જાતે જ આઈ.વી. ડ્રગ્સ લઈ રહ્યા હતા. એવી આશંકા સેવાઈ રહી છે કે આઈ.વી. ડ્રગ્સમાં અન્ય કોઈ ઓવરડોઝ અથવા અન્ય કોઈ કારણ મૃત્યુ પાછળ જવાબદાર હોઈ શકે છે. હાલમાં પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ મૃત્યુ કુદરતી છે કે આત્મહત્યા, તેનું સાચું કારણ તો પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. પોલીસ અને હોસ્પિટલ તંત્ર હાલ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે.

# ઉમરાજ બાયપાસ પાસે પશુ ભરેલો ટેમ્પો ઝડપાયો

ભરૂચઃ ઉમરાજ ગામ પાસે બાયપાસ રોડ પર ગૌરક્ષકોએ વહેલી સવારે ટેમ્પો ચેક કરતાં વસુકી ગયેલી ગાયો અને એક નાની વાછરડીને કથિત કતલના ઈરાદે હેરાફેરી કરતાં અટકાવી હતી. પોલીસે મુખ્ય આરોપી મોહસીન કુરેશીની ધરપકડ કરી છે. કવિથા ગામના ગૌરક્ષક વિક્રમભાઈ ભરવાડ અને તેમના સાથીઓને વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં બાતમી મળી હતી કે એક ટેમ્પો નં.(GJ-23-AW-2313) ઉમરાજ ગામ થઈને કતલખાને જઈ રહ્યો છે. ગૌરક્ષકોએ ટેમ્પો તેને રોકીને ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનને જાણ કરતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તપાસ કરતાં નાનકડા ટેમ્પોમાં ત્રણ ગાયો અને એક વાછરડી હતી. ટેમ્પોનો ડ્રાઈવર મોહસીન મુસ્તુફા કુરેશી (ઉં.વ.27) (રહે.,ફ્લેટ નં-402, રોયલ એપાર્ટમેન્ટ, ફાટા તળાવ, ભરૂચ)ની ધરપકડ કરી પૂછપરછ કરતાં જણાવ્યું હતું કે, આ ગાયો લુકમાન હાજી (રહે.,કાસદ)થી લાવી હતી. અને મનુબર ગામમાં ઈદ્રીશ ખેપી ઉર્ફે લંગડોને કતલ કરવા માટે આપવા જતો હતો. પોલીસે ઝડપાયેલા આરોપીએ અન્ય બે જણાના આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે 3 ગાય (દરેકની કિં. રૂ.10,000) અને 1 વાછરડી (કિં. રૂ.5,000) કુલ 35,000, અશોક લેલન ટેમ્પો આશરે 4,00,000, મોબાઈલ 2,000 મળી કુલ કિં. રૂ.4,37,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. ભરૂચ એ ડિવિઝન પોલીસમાં ત્રણ આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

## ઉચ્છદ ગામે તસ્કરો ત્રાટક્યા

ભરૂચઃ જંબુસરના ઉચ્છદ ગામે મહિલા બીમારીની સારવાર માટે પુત્રને ત્યાં જતાં તસ્કરોને મોકળું મેદાન મળી જતાં ઘર સાફ કરી ગયા હતા.

જંબુસરના ઉચ્છદ ગામે ખડકી ફળિયામાં રહેતાં વૃદ્ધા કાશીબેન પઢીયારના ઘરે તસ્કરો ત્રાટક્યા હતા. કાશીબેન ગત તા.1 મેના રોજ પતિ રયજીભાઈની માનસિક બીમારીની સારવાર માટે વડોદરા ગયાં હતાં, જ્યાં તેઓ દીકરાના ઘરે સપ્તાહ રોકાયાં હતાં. આ દરમિયાન ગામમાં રહેતી તેમની દીકરીએ ફોન કરી જણાવ્યું કે ઘરનાં તાળાં તૂટેલાં છે. તસ્કરો બંધ ઘરના બે નકુચા તોડી બે તિજોરીમાંથી સોનાનું મંગળસૂત્ર, બુટ્ટી, ચાંદીના 9 સિક્કા અને રોકડા 40 હજાર સહિત કુલ 1.57 લાખની મત્તા ચોરી ગયાનો અંદાજ છે. આ બનાવ અંગે વેડચ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે.



# જંબુસરમાં ઊભરાતી ગટરો આફત બની

ભરૂચઃ જંબુસરના નહેરૂનગર વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી ગટરોમાંથી પાણી ઉભરાઈ રહ્યું છે, જેના કારણે વિસ્તારના રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગટરોની નિયમિત સફાઈ ન થતાં પાણીનો નિકાલ બંધ થઈ ગયો છે. રસ્તાઓ પર ગંદું પાણી ફરી વળતાં દુર્ગંધ ફેલાઈ છે તથા સંભવિત રોગચાળાની દહેશત સર્જાઈ છે.

સ્થાનિકોએ નગરપાલિકાના નવા ચુંટાયેલા સભ્યો સમક્ષ આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી છે. રહીશોના આક્ષેપ છે કે ગટર, રોડ-રસ્તા અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓની સમસ્યા વર્ષો જૂની છે, છતાં અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કાયમી ઉકેલ નથી આવતો. રહીશોમાં એવી ચર્ચા પણ ગરમાઈ રહી છે કે પાલિકામાં ગમે તે પક્ષ સત્તા પર આવે, જનહિતનાં કામોને બદલે માત્ર ચુંટાયેલા સભ્યોનાં અંગત કામોને જ પ્રાથમિકતા આપવામાં આવે છે. વિસ્તારના લોકોએ વહીવટી તંત્રે તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે.



પ્રવીણ તેરૈયા

# અંકલેશ્વરમાં મસાલા ભરેલી કાર પલટી મારતાં બે ઘાયલ

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે-48 પર મસાલા ભરેલી ઈકો કાર પલટી જતાં દોડધામ મચી ગઈ હતી. અકસ્માતમાં કારમાં સવાર બે લોકોને ઈજા પહોંચતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ખરોડ ચોકડી ઓવરબ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી મસાલા ભરેલી ઈકો કારનું ટાયર અચાનક જોરદાર ધડાકા સાથે ફાટી જતાં ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કાર રોડ પર પલટી મારી ગઈ હતી. અકસ્માત બાદ કારમાં ભરેલા મસાલાનાં પેકેટ્સ હાઈવે પર ફેલાઈ જતાં વાહનવ્યવહાર થોડા સમય માટે પ્રભાવિત થયો હતો અને ટ્રાફિકજામ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો તેમજ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. સાથે સાથે પોલીસ દ્વારા ટ્રાફિક નિયંત્રણની કામગીરી હાથ ધરી હાઈવે પર અવરજવર ફરી સામાન્ય બનાવવામાં આવી હતી.

## ભરૂચમાં સુજલામ સુફલામ અંતર્ગત બેઠક

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં જળ સંરક્ષણ અને પર્યાવરણ સંવર્ધનને સાથે લઈને આગામી ચોમાસા માટે વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. કલેક્ટર ગૌરાંગ મકવાણાની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન ભવન ખાતે 'સુજલામ સુફલામ જળ અભિયાન-2026'ના અમલીકરણ અંગેની બેઠક યોજાઈ હતી. બેઠકમાં NPO અને CSRના સહયોગથી જળ સંગ્રહ કાર્યોને વેગ આપવા તેમજ સઘન વૃક્ષારોપણની કાર્યવાહી પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટરે જણાવ્યું કે, જ્યાં ભૂગર્ભ જળસ્તર નોંધપાત્ર રીતે નીચે ગયું છે, ત્યાં ખાસ ધ્યાન આપીને તળાવો, ચેકડેમો અને જળાશયોમાંથી કાંપ દૂર કરી તેમની સંગ્રહ ક્ષમતા વધારવામાં આવશે. તેમણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતારવા માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ્સ પર ભાર મૂક્યો. 31 મે-2026 સુધી ચાલનારા આ અભિયાન હેઠળ ચોમાસા પૂર્વે જળાશયોના ડીપનિંગ સહિતનાં કામો હાથ ધરાયાં છે.

# જંબુસરમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતાં લોકો હેરાન

**ટંકારીથી** ખાનપુરી સુધી અંધારપટ, નગરજનોમાં રોષ

ભરૂચઃ જંબુસર નગરપાલિકા દ્વારા RCC રોડ પર લગાવવામાં આવેલી સ્ટ્રીટ લાઈટ છેલ્લા ચાર દિવસથી બંધ હોવાને કારણે ટંકારી ભાગોળથી ખાનપુરી ભાગોળ સુધી અંધારપટ છવાઈ ગયો છે. આ અંગે નગરજનોમાં ભારે રોષ ફેલાયો છે. લાઈટ્સ તો નાંખવામાં આવી છે, પરંતુ કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઊઠી રહ્યા છે.



જંબુસર નગરમાં ટંકારી ભાગોળથી એસ.ટી. ડેપો સુધીના માર્ગ પર લગાવેલી આધુનિક સ્ટ્રીટ લાઈટ્સ ચાર દિવસથી ઝબૂકી નથી. પાલિકાએ તાજેતરમાં જ RCC રોડ સાથે ડિવાઈડર પર અત્યાધુનિક લાઈટો ગોઠવી હતી, પરંતુ ગણતરીના મહિનાઓમાં જ લાઈટ્સે પ્રકાશ આપવાનું બંધ કરી દીધું છે. આથી નગરજનોમાં નારાજગીનો માહોલ છે. વાહનચાલકો અને રાહદારીઓને મધરાત્રે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અંધકારને કારણે અકસ્માતો તેમજ અસામાજિક તત્ત્વોની ભીતિ સતાવી રહી છે. સ્થાનિકોએ રોષ સાથે કહ્યું કે, આ લાઈટ્સ જાણે ચાર દિવસની ચાંદની અને પછી અંધેરી રાત જેવી સ્થિતિ છે. નગરજનોના હિતમાં પ્રતિનિધિઓએ ગુણવત્તાયુક્ત કામ કરવું જોઈએ, એવી લાગણી વ્યક્ત થઈ રહી છે. નગરપાલિકા સમક્ષ બંધ પડેલી સ્ટ્રીટ લાઈટ્સ તાત્કાલિક ચાલુ કરવાની માંગ ઊઠી છે. નાગરિકોએ વોરંટી અને ગેરંટીના સમયમાં જ લાઈટો બંધ થવા પાછળની ગુણવત્તાની ઉણપ સામે પણ સવાલ ઉઠાવ્યા છે.

# ભરૂચ પાલિકા-પંચાયતોમાં હોદ્દા માટે ભાજપનું મંથન

**15 મે** બાદ નામો જાહેર થશે

ભરૂચઃ ગુજરાત ભાજપના રાજકારણમાં આ દિવસોમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ભરૂચ જિલ્લા સહિત રાજ્યની નગરપાલિકાઓ, જિલ્લા-તાલુકા પંચાયતો અને મહાનગરપાલિકાઓના નવા હોદ્દેદારોની નિમણૂકને લઈને પાર્લામેન્ટરી બોર્ડની ત્રણ દિવસીય મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી રાહ જોવાઈ રહેલા હોદ્દેદારોનાં નામ હવે આગામી 15 મે બાદ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. ગાંધીનગરના કમલમ ખાતે 6થી 8 મે સુધી યોજાયેલી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત-ભરૂચ જિલ્લા સહિત વિવિધ જિલ્લા-તાલુકાઓના હોદ્દેદારોનાં નામો પર ગહન મંથન કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ જે નામો પર સહમતિ બની છે તેમની જાહેરાત 15 મે પછી કરવામાં આવશે. આમાં ભરૂચ-અંકલેશ્વર નગરપાલિકા, જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતોના પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના મહત્ત્વના હોદ્દાઓ પર કોની નિયુક્તિ થશે તે સ્પષ્ટ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ અને અન્ય વ્યસ્તતાઓને કારણે બે ઝોનની ચર્ચા હાલ મોકૂફ રાખવામાં આવી હતી. પીએમ મોદીના પ્રવાસ બાદ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ફરી બોલાવાશે, જે આગામી 12 અને 13 મેના રોજ યોજાશે. ત્યારે બાકી રહેલાં નામો પર અંતિમ મહોર મારવામાં આવશે.

# ભરૂચ નગરમાં ચોમાસા પૂર્વે 37 કાંસની સફાઈ હાથ ધરાઈ

ભરૂચઃ ભરૂચ નગરપાલિકાએ ચોમાસાની તૈયારીઓના ભાગરૂપે શહેરની તમામ 37 નાની-મોટી કાંસો (નાળા)ની સફાઈનું અભિયાન શરૂ કરી દીધું છે. આ પ્રિમોન્સૂન કામગીરીનો મુખ્ય હેતુ વરસાદી પાણીનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવાનો છે. પાલિકા દર વર્ષે આ સફાઈ માટે આશરે 45 લાખ રૂપિયાનો ખર્ચ કરે છે. જો કે, દર વર્ષે સફાઈ થયા છતાં શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા યથાવત્ રહે છે. ચોમાસા દરમિયાન પાણી ભરાવાનાં દશ્યો સામાન્ય બની ગયાં છે. નાગરિકો દ્વારા ખુલ્લી કાંસોમાં ઘરેલું કચરો, પ્લાસ્ટિક અને ભંગાર નાખવામાં આવે છે, જેના કારણે નાળાં ચોક થઈ જાય છે અને પાણીના નિકાલમાં અવરોધ સર્જાય છે.

# ચોરે હળવે રહી મોબાઈલ સેરવ્યો, મુસાફરે બૂમ પાડી તો પકડાઈ ગયો

**અંકલેશ્વર** રેલવે સ્ટેશન પર ઊંઘતા મુસાફરના ખિસ્સામાંથી મોબાઇલ ચોરનાર ઝડપાયો

ભરૂચઃ અંકલેશ્વર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.4 પર બુધવારે મોડી રાત્રે ઊંઘતા મુસાફરના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ ફોન ચોરી કરનાર ચોરને પેટ્રોલિંગમાં ફરતી પોલીસે દોડીને પકડી લીધો હતો.

મૂળ બિહાર અને હાલ મોતાલી રહેતા સંજીવ સાવલીયા તિવારીએ ગત તા.7મી મેના રોજ પોતાના ગામ છપરાથી તાપ્તીગંગા એક્સપ્રેસમાં સુરત આવ્યા હતા. બાદ તા.8મી મેના રોજ મધરાત્રે અંકલેશ્વર રેલવે સ્ટેશન પર ઊતર્યા હતા. મુસાફરીથી થાકી જતાં પ્લેટફોર્મ નં.4 પર બાકડા પર ઊંઘી ગયા હતા. આ તકનો લાભ લઈ એક ચોરે તેમના પેન્ટના ખિસ્સામાં હાથ નાંખી મોબાઈલ ફોન કાઢી લીધો હતો. મોબાઈલ કાઢતાં સંજીવ સાવલિયા જાગી જતાં 'ચોર-ચોર'ની બૂમો પાડી હતી. નજીકમાં પેટ્રોલિંગ કરતા પોલીસકર્મીઓએ ભાગતા ચોરને ઝડપી પાડ્યો હતો. તસ્કર પાસેથી રૂ.14,999નો મોબાઈલ ફોન કબજે કર્યો હતો. પોલીસે પકડાયેલા આરોપી અફરોજઅલી હસમનઅલી કુજરા (મૂળ રહે.,પીપરાઈજ, ગોરખપુર, ઉત્તરપ્રદેશ) સામે ભરૂચ રેલવે પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને 22 માસની કેદ

ડેડિયાપાડા: ડેડિયાપાડા સિનિયર સિવિલ જજે ચેક રિટર્ન સંબંધિત એક મહત્ત્વપૂર્ણ કેસમાં આરોપીને દોષિત ઠરાવીને સજા ફટકારી છે. ક્રિમિનલ કેસ નં.30/CC No.1505/2023 હેઠળ હેમાક્ષી સેલ્સ એજન્સીના પ્રોપરાઈટર રાજેન્દ્રસિંહ પુરોહિત વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ હતી. ફરિયાદ પંજાબ નેશનલ બેંક તરફથી તત્કાલીન મેનેજર ગૌરાંગભાઈ પટેલ અને ત્યારબાદ વિજયભાઈ પટેલ દ્વારા આગળ ધપાવાઈ હતી. ફરિયાદી પક્ષે વકીલ સંધ્યાબેન રાઠોડ અને આરોપી પક્ષે વકીલ જે.કે. પંડ્યા (રાજપીપળા)એ ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટના જજ ભાવીનકુમાર પંડ્યાએ હુકમ કર્યો છે કે, આરોપીને 22 માસની સાદી કેદ અને રૂ.20,68,000નો દંડ ફટકાર્યો છે. દંડ ન ભરવાની સ્થિતિમાં વધુ બે માસની સાદી કેદનો પણ હુકમ કરાયો છે. ઉપરાંત, ફરિયાદીને ચેકની મૂળ રકમ તથા 9 ટકા વ્યાજ સાથે ચૂકવવા આદેશ કરાયો છે.